ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી



## સાબરકાંઠા જિલ્લામાં બોર્ડના રીપીટર વિદ્યાર્થીઓની શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાઈ

બાયડ, હિંમતનગર તા.૧૫

કોરોનાકાળ બાદ રાજયમાં ધોરણ ૧૦ અને ૧૨ના સામાન્ય વિજ્ઞાન પ્રવાહના રીપીટર અને ખાનગી વિધાર્થીઓની તા. ૧૫ જુલાઈ ૨૦૨૧ના રોજ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષાનો પ્રારંભ થયો હતો. જેમાં પરીક્ષામાં વિધાર્થીઓના પરીક્ષાખંડમાં પ્રવેશ કરતા પહેલા તેમનું થર્મલ ગનથી ચકાસણી અને સેનિટાઈઝેશન અને માસ્કની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

આ વર્ષે શરૂ થયેલી બોર્ડની પરીક્ષામાં સાબરકાંઠા જિલ્લામાં એસ.એસ.સીના ૨૦ કેન્દ્રો પરથી પ્રથમ દિવસે ગુજરાતી તથા અંગ્રેજી પ્રથમ ભાષાના મળી કુલ ૨૨૨૩ પરીક્ષાર્થીઓ નોંધાયાહતા જે પૈકી ૧૯૪૮ વિધાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૨૭૫ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. તો ધોરણ ૧૨ના કમ્પ્યૂટર પરીચયના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના કુલ ૩૮ પૈકી ૩૦ વિધાર્થીઓ હાજર અને ૮ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. વિજ્ઞાન પ્રવાહના ભૌતિક વિજ્ઞાનના પ્રશ્નપત્રમાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના ૬૧૪ પૈકી ૫૭૦ વિધાર્થીઓ પરીક્ષાખંડમાં ઉપસ્થિત રહ્યા હતા જયારે ૪૪ વિધાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આ બોર્ડની પરીક્ષાના સુચારૂ આયોજન માટે એસ,એસ,સીના હિંમતગનગર અને ઈડર ઝોનમાં ધોરણ ૧૨માં કુલ ૮૫૯ પૈકી ૭૮૫ વિધાર્થીઓ હાજર જયારે ૭૪ ગેરહાજર રહ્યા હતા.



## અરવલ્લી જિલ્લામાં બોર્ડના રીપીટર વિદ્યાર્થીઓની શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષાનો પ્રારંભ

### ધોરણ ૧૦માં પ્રથમ દિવસે ૧૨૬૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી

બાયડ તા.૧૫

કોરોનાકાળ બાદ રાજયમાં ધોરણ ૧૦ અને ૧૨ના સામાન્ય વિજ્ઞાન પ્રવાહના રીપીટર અને ખાનગી વિધાર્થીઓની તા. ૧૫ જુલાઈ ૨૦૨૧ના રોજ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષાનો પ્રારંભ થયો હતો . જેમાં આ વર્ષે શરૂ થયેલી બોર્ડની પરીક્ષામાં અરવલ્લી જિલ્લામાં એસ.એસ.સીના ૧૬ કેન્દ્રો પરથી પ્રથમ દિવસે ગુજરાતી તથા અંગ્રેજી પ્રથમ ભાષાના મળી કુલ ૧૪૫૫ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા જે પૈકી ૧૨૬૭ વિધાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૨૦૮ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.તો ધોરણ ૧૨ના કમ્પ્યૂટર પરીચયના ૩૬ માંથી ૧૯ હાજર અને ૧૭ ગેર હાજર તથા નામના મૂળ તત્વોનાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના કુલ ૧૧૫ પૈકી ૮૯ વિધાર્થીઓ હાજર અને ૨૬ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

વિજ્ઞાન પ્રવાહના ભૌતિક વિજ્ઞાનના પ્રશ્નપત્રમાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના ૪૬૪ પૈકી ૪૨૮ વિધાર્થીઓ પરીક્ષાખંડમાં ઉપસ્થિત રહ્યા હતા જયારે ૩૬ વિધાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આ બોર્ડની પરીક્ષાના સુચારૂ આયોજન માટે એસ,એસ,સીના મોડાસાના ઝોનમાં ધોરણ ૧૨માં કુલ ૫૭૯ પૈકી ૫૦૦ વિધાર્થીઓ હાજર જયારે ૭૯ ગેરહાજર રહ્યા હતા.

કોરોનાકાળ બાદ યોજાયેલી પ્રથમવાર પરીક્ષામાં વિધાર્થીઓના પરીક્ષાખંડમાં પ્રવેશ કરતા પહેલા તેમનું થર્મલ ગનથી ચકાસણી અને સેનિટાઈઝેશન અને માસ્કની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી હોવાનું જાણવા મળ્યુ છે.

## સ્વચ્છતાને પ્રાધાન્ય : બાયડમાં ૩૧ જુલાઈ સુધી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માસિક ડ્રાઈવ

### બસ સ્ટેશન, બગીચા, નદી-તળાવ અને પ્રવાસન વિસ્તારની સફાઈ હાથ ધરાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

બાયડ પાલિકા દ્વારા સ્વચ્છતાને પ્રાધાન્ય અપાતાં પ્રજામાં ખુશાલી જોવા મળી રહી છે.



તા.૩૧ જુલાઈ સુધી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માસિક ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. જેમાં બાયડ પાલિકાના તમામ જાહેર વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે જે અન્વયે બાયડ બસ સ્ટેશન વિસ્તાર, ગાયત્રી મંદિર તેમજ જાગા તળાવની સફાઈ હાથ ધરી ૫ ટ્રેક્ટરથી વધુ કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. તા.૩૧ જુલાઈ સુધી સ્વચ્છતા અભિયાન વિવિધ વિસ્તારોમાં જારી રહેશે.

નગર સ્વચ્છ તો પ્રજાનું આરોગ્ય તંદુરસ્ત. રાજ્યના અનેક વિસ્તારોમાં ગંદકીના ઉપદ્રવથી પ્રજા અને વેપારીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. બાયડ પાલિકા વિસ્તારમાં વેપારીઓ, લારી-ગલ્લા અને પાથરણાવાળાના યોગ્ય સંકલનના કારણે વિકાસ પથ હવે ખુલ્લો થયો છે. નાના ધંધાર્થીઓ પણ સ્વચ્છતાના આગ્રહી બની ધંધાના સ્થળે નિકળતો કચરો પ્લાસ્ટીકની બેગમાં મૂકી પાલિકાને સહયોગ આપી રહ્યા છે. બાયડ પાલિકાના સફાઈ કર્મચારીઓ દ્વારા



મળેલી સૂચના મુજબ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માસિક ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. સમગ્ર જુલાઈ મહિના દરમ્યાન વિવિધ વિસ્તારોને આવરી લઈ સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવાનો પ્રયાસ થશે. અભિયાન હેઠળ સફાઈ કર્મચારીઓ જે તે વિસ્તારમાં જઈ સૂકો-ભીનો, સેનેટરી વેસ્ટ, ઘરેલું જોખમી કચરાના વર્ગીકરણની માહિતી આપશે તેમજ ખુલ્લામાં કચરો ન નાખવાની અપીલ કરવાની સાથે પાલિકાના કર્મચારીઓ વાહન લઈને કચરો ઉઘરાવવા આવે ત્યારે યોગ્ય રીતે કચરો નાખવા પણ અનુરોધ કરી રહ્યા છે. બાયડ પાલિકાના સફાઈ કર્મચારીઓની કામગીરીને પ્રજાજનો બિરદાવી રહ્યા છે. બાયડના જાગા તળાવના બ્યુટીફીકેશનની વાતો છેલ્લા ૧૦ વર્ષથી હવામાં ફંગોળાઈ રહી છે બ્યુટીફીકેશન તો ઠીક પરંતુ અહીંયાં દુર્ગંધ મારતા કચરાનો ઢગ ખડકાયો હતો જેને બાયડ પાલિકાના સફાઈ કર્મચારીઓએ જાગા તળાવને સ્વચ્છ બનાવવાનો પ્રયાસ કરતાં સ્થાનિક વેપારીઓએ તેની નોંધ લીધી હતી.

## આકરૂન્દમાં મફત નિદાન કેમ્પ

આકરૂન્દ : ધનસુરા તાલુકાના આકરૂન્દમાં ધી આકરૂન્દ નાગરિક સહકારી બેન્ક અને જી.સી.એસ. હોસ્પિટલ-અમદાવાદ દ્વારા તા.૧ ઓગષ્ટના રોજ મફત નિદાન કેમ્પનું આકરૂન્દ પ્રાથમિક શાળામાં આયોજન કરાયું છે જેમાં ફીજીશીયન, સર્જરી, ઓર્થો, આંખ રોગ તથા ચામડીના નિષ્ણાત ડાંક્ટરો ઉપસ્થિત રહેશે. કેમ્પમાં દવાઓ મફત આપવામાં આવશે. વધુ તપાસની જરૂર હોય તેવા દર્દીઓ માટે જી.સી.એસ. હોસ્પિટલમાં મફત જનરલ સ્પેશ્યાલીટી ઓપીડી એક્સ-રે, ઈ.સી.જી. અને સોનોગ્રાફી તપાસ થશે. કેમ્પની વધુ માહિતી માટે સંપર્ક નંબાર-૯૪૨૯૩૨૩૧૧૫ આપવામાં આવ્યો છે. દર્દીઓએ જૂના કેસ પેપર અને રિપોર્ટ હોય તો સાથે લાવવા તેમ જણાવાયું છે.

## કરૂણા હેલ્પલાઈનની કરૂણા : મોડાસામાં શ્વાનને બચાવવા અન્ય શ્વાને કર્યું રક્તદાન

### જિલ્લાના ઈતિહાસમાં પ્રથમ કિસ્સો, બ્લડ ટ્રાન્સફ્યુઝન સફળ

માનવીના શરીરમાંથી ઈજા કે પછી અન્ય કારણોસર લોહી ઓછું થઈ ગયું હોય તો બચાવવા માટે અનેક રક્તદાતાઓ લોહી આપી મદદ કરતા હોય છે પરંતુ કોઈ શ્વાનને બચાવવા માટે બીજા શ્વાનનું લોહી ચઢાવવામાં આવ્યું હોય તેવું અરવલ્લી જિલ્લાની મોટાભાગની પ્રજાએ સાંભળ્યું નહીં હોય પરંતુ આવું અરવલ્લી જિલ્લામાં બન્યું. કરૂણા હેલ્પલાઈનને બિમાર શ્વાનની મદદ માટે કોલ મળ્યો અને પછી સાચા અર્થમાં કરૂણા દાખવી ટીમે અન્ય શ્વાનનું રક્તદાન મેળવી બિમાર શ્વાનને બચાવવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે.

સરકાર દ્વારા બિમાર તેમજ ઘાયલ મૂંગા પશુઓની સારવાર માટે ૧૯૬૨ કરૂણા હેલ્પલાઈન શરૂ કરી છે. વાત જાણે એમ છે કે મોડાસાના સાયરા રોડ ઉપર આવેલા રહેણાંક વિસ્તારમાં શ્વાન બિમાર પડ્યો, તાબડતોબ કરૂણા એમ્બ્યુલન્સને જાણ કરી, વેટરનરી ડાં.પ્રિયાંશી પટેલ અને તેમની ટીમે બિમાર શ્વાનની તપાસ કરતાં કીડની અને લીવરની બિમારી તેમજ લોહી ઓછું હોવાનું જણાતાં લોહી ચઢાવવાનો નિર્ણય કર્યો. અન્ય જીવદયા પ્રેમીઓને નવાઈ લાગી. તૂરંત એક સશક્ત શ્વાનને લાવવામાં આવ્યો અને તેનું રક્ત મેળવી બિમાર શ્વાનની જીંદગી બચાવવાનો પ્રયાસ કર્યો છે. જો કે મૂંગા પશુના જીવને બચાવવાની વેટરનરી ઓફીસરોની કામગીરીમાં એક મંદિરના મહંતની પણ હકારાત્મક ભૂમિકા ભૂલાવવી ન જોઈએ. લાગે છે કે હવે જિલ્લામાં મૂંગા પશુઓ માટેની પણ એક બ્લડ બેન્ક હોવી જોઈએ.

## બાયડના ગેટવેલ મેડીકલ સેન્ટરમાં ડાયાબીટીશ કેરવીકનું આયોજન

બાયડ : બાયડના ગેટવેલ મેડીકલ સેન્ટરમાં ડાં.મેહૂલ જે. શાહ (એમ.ડી., ફીજીશીયન) દ્વારા ફક્ત ડાયાબીટીશના દર્દીઓ માટે તા.૧૯ થી ૨૫ જુલાઈ દરમ્યાન ડાયાબીટીશ કેર વીકનું આયોજન કરાયું છે જેમાં ફીજીશીયન દ્વારા તપાસ, ડાયાબીટીશ માટે જરૂરી સાહિત્ય, ડાયાબીટીશ માટેના આહારની સમજ અને લેબોરેટરી તપાસ સંપૂર્ણ પેકેજનો ખર્ચ રૂા.૩૦૦૦ થાય છે પરંતુ તે માત્ર રૂા.૧૧૦૦માં કરી આપવામાં આવશે. જેથી ડાયાબીટીશના દર્દીઓએ વધુ માહિતી માટે મો.નં.૯૦૦૯૮ ૯૦૦૧૪ ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે.

## ૨૪ કલાક પહેલાં પરીપત્ર, અનેક આચાર્યો મૂંઝાયા

### ૫૦ ટકા વિદ્યાર્થીઓની હાજરીથી વર્ગખંડ જીવંત બન્યા, શિક્ષકોમાં પણ ખુશાલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

આખરે કોરોનાનો ભયંકર હાઉ શૈક્ષણિક સંકુલોમાંથી દૂર થઈ રહ્યો છે. તા.૧૫ જુલાઈ, ગુરૂવારથી રાજ્યની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૫૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી સાથે ધો.૧૨ માં શિક્ષણ કાર્ય શરૂ થયું. સાબરકાંઠા, અરવલ્લીના ૧૪ તાલુકાની ૨૬૮ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવતાં ૧૫ મહિના પછી વર્ગખંડ જીવંત બન્યા. ગુરૂજનો પણ પોતાના છાત્રોને જોઈને ખુશ થઈ ભાવુક થયા હતા. પ્રથમ દિવસે છાત્રો અને ગુરૂજનોના મિલન જેવા દ્રશ્યો પણ જોવા મળ્યા. સરકાર દ્વારા અગાઉથી જ ધો.૧૨ ના વર્ગો શરૂ કરવાનો નિર્ણય જાહેર કરાયો હતો પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા પરીપત્ર ન થતાં શાળા સંચાલકો અને આચાર્યો ધો.૧૨ ના વર્ગો શરૂ કરવા મુદ્દે અવઢવમાં હતા. ૨૪ કલાક પહેલાં કરાયેલા પરીપત્ર બાબતે મોંડે સુધી અનેક આચાર્યો અજાણ રહ્યા હતા.

કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે, સરકારે સમગ્ર ગુજરાતને અનલોક કર્યું છે આ સંજોગોમાં ધો.૧૦ થી ૧૨ના વર્ગો શરૂ કરવા જોઈએ તેવી અનેક વાલીઓએ માંગ કરી હતી પરંતુ રાજ્ય સરકાર દ્વારા કોરોનાની ત્રીજી લહેરને ધ્યાને રાખી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવા માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી. ગત સપ્તાહે તા.૧૫ જુલાઈથી ધો.૧૨ ના વર્ગો શરૂ કરવાનો નિર્ણય લીધો હતો જે મુજબ ગુરૂવારથી બંન્ને જિલ્લામાં ૫૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી સાથે શિક્ષણ કાર્ય શરૂ થયું. પોતાના સંતાનને શાળાએ મોકલવા માટે વાલીની સંમતિ ફરજીયાત બનાવી છે. જોગાનું જોગ ૧૫ જુલાઈથી ધો.૧૦ અને ૧૨ ના રિપીટર છાત્રોની બોર્ડ પરીક્ષા હોવાના કારણે કેટલાક વિસ્તારોમાં ધો.૧૨ ના શિક્ષણને અડચણ જોવા મળી.

## બાયડમાં ખુલ્લી ગટરમાં ગાય ખાબકી, ૩ કલાકના રેસ્ક્યુ પછી બચાવી

બાયડના ભૂખેલ રોડ ઉપર ગંદા પાણી નિકાલની ખુલ્લી ગટરમાં ગુરૂવાર સવારે ગાય ખાબકતાં ૩ કલાકના રેસ્ક્યુ પછી બચાવવામાં આવી હતી. ગટરની સફાઈ પછી પાલિકા દ્વારા ઢાંકણ નંખાયાં નથી અને આવી નાની-મોટી ઘટનાઓ બની રહી છે. સત્વરે ઢાંકણ નાખવામાં નહીં આવે તો મોટી જાનહાનીનો ભય સ્થાનિક રહીશોએ જણાવ્યું છે.

પ્રિ-મોન્સૂન કામગીરી હેઠળ બાયડ પાલિકા દ્વારા વલ્લભનગર સોસાયટી થી હેર વિસ્તાર સુધીની ૧૫૦૦ મીટર લાંબી ગટરને યોગ્ય રીતે સફાઈ કરવામાં આવી હતી. ત્યારબાદ ખુલ્લી ગટર ઉપર ઢાંકણ નાખવા માટે પાલિકા દ્વારા જરૂરી કામગીરી શરૂ કરવામાં આવી છે પરંતુ હજુ સુધી ઢાંકણ નાખવામાં આવ્યાં નથી. તા.૧૫ ના રોજ ખુલ્લી ગટરમાં ગાય ખાબકતાં બાયડ પાલિકાના સફાઈ મુકરદર અમિત સોલંકી અને તેમની ટીમે ગાયને બચાવવા માટે તનતોડ પ્રયાસ કર્યા પરંતુ ગટરમાંથી ગાયને બહાર કાઢવા માટે યાંત્રિક મશીનરીની જરૂરીયાત ઉભી થતાં પાલિકા દ્વારા જે.સી.બી. મોકલવામાં આવ્યું અને ૩ કલાકના રેસ્ક્યુ પછી ગાયને સલામત રીતે બહાર કાઢવામાં આવી હતી.

## મોડાસાના દેવરાજધામ નજીક ખાણખનિજ વિભાગની સરકારી જીપે ગોઠીમડાં ખાધાં

### ચાલક સહિત બે જણે ઈજા..!! પૂરઝડપે વાહન દોડતાં ટાયર ફાટ્યાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

મોડાસાના દેવરાજધામ નજીક ગત મોંડી રાત્રે અરવલ્લી જિલ્લા ખાણખનિજ વિભાગની



સરકારી જીપ ગોઠીમડાં ખાઈ જતાં હલચલ મચી હતી. મદદ માટે આવેલા લોકોએ ચાલક સહિત કુલ-૨ જણને સારવાર માટે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા છે. બનાવના ૧૬ કલાક પછી પણ સરકારી વાહન કેવી રીતે ઉંધુ વળ્યું..?? કોને કોને ઈજા થઈ..?? તેની સત્તાવાર વિગતો સામે આવી નથી. મોડાસા ટાઉન પોલીસને પૂછતાં વાહન અકસ્માત અંગે કોઈ જાણવા જોગ નોંધાઈ ન હોવાનું જણાવ્યું છે.

ખાણખનિજ વિભાગમાં ચાલતી લાલીયાવાડી એકાએક બંધ થાય એટલે અનેકના પેટમાં તેલ રેડાય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અનિજ ચોરોએ માજા મૂકી દીધી છે. જેમાં આર.ટી.ઓ. અને ભ્રષ્ટ તંત્રની મોટાપાયે સંડોવણી અને ખનિજ ચોરો દ્વારા વિભાગના કર્મચારીઓને ખુલ્લેઆમ ધમકી આપ્યાની વિગતો પણ અગાઉ સામે આવી હતી. છેલ્લા કેટલાક સમયથી અરવલ્લી જિલ્લા ખાણખનિજ વિભાગે સપાટો બોલાવી દીધો છે. સતત ચેકીંગ અને મોંડી રાત્રે પણ ખનિજ ચોરી કરતા વાહનોને ઝડપી લેવાની કામગીરી પૂરજોશમાં છે એવા સમયે તા.૧૪ના રોજ રાત્રે અરવલ્લી ખાણખનિજ વિભાગની સરકારી જીપ દેવરાજધામ નજીક ગોઠીમડાં ખાઈ જતાં વાહનનો કડુચલો વળી ગયો હતો. સદનસીબે કોઈ જાનહાની થઈ નથી પરંતુ અકસ્માતનું સાચુ કારણ બહાર આવ્યું નથી. દુર્ઘટનાને નિહાળનારા લોકોએ જણાવ્યું કે વાહન પૂરઝડપે દોડતું હતું અને સંભવ છે કે ટાયર ફાટ્યા પછી દુર્ઘટના બની હોય.

## ડીસાની પિંક સીટીમાં વરસાદી પાણી ભરાતા રહીશો પરેશાન

### પાલિકા દ્વારા કાર્યવાહી ન થતા રહીશોએ સ્વખર્ચે ખાડા પુરાવ્યાં : ટૂંક સમયમાં રસ્તો નહિ બને તો રહીશોની આંદોલનની ચીમકી

ડીસા શહેરમાં વરસાદ થતાં નીચાંણ વાળા વિસ્તારોમાં પાણી ભરાતા સ્થાનિક રહીશો પરેશાન થઈ ઉઠ્યા છે.ત્યારે પિંકસીટીમાં આવેલ ભાગ ચારના રસ્તામાં વરસાદી પાણી ભરાતા લોકો જાતે



આગળ આવ્યા છે.અને સ્વખર્ચે માટી નાખી ખાડા પુરાણ કરવામાં આવ્યું હતું.

ભાજપ સાશીત ડીસા નગરપાલિકા દ્વારા અનેક વિકાસના કામો કરવામાં આવ્યા છે. પરંતુ ક્યાંકને ક્યાંક અમુક વિસ્તારમાં લોકો વિકાસથી વંચિત જોવા મળી રહ્યા છે.ત્યારે પિંકસીટી ભાગ-ચારમાં રસ્તો ના બનવાથી ચોમાસામાં ભારે મુશ્કેલી પડી રહી છે. જ્યારે ચોમાસું થાય ત્યારે આ રસ્તા પર વરસાદી પાણી ભરાવાના કારણે સ્થાનિક લોકોને અવર જવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યા છે ત્યારે સ્થાનિક લોકોએ નગરપાલિકામાં અનેકવાર લેખિત તેમજ મૌખિક રજૂઆત કરવા છતાં પણ આજ દિવસ સુધી પિંક સીટીમાં રસ્તાનું કામ ન થતાં સ્થાનિક લોકો આગળ આવ્યા છે. અને જાતે સ્વખર્ચે માટી મંગાવી રસ્તામાં પડેલા ખાડાને પૂરવામાં આવી રહ્યા છે જેથી વરસાદનું પાણી ના ભરાય અને ખાડા ન થાય અને લોકોને પણ મુશ્કેલી ન પડે તે માટે આજે જાતે જ સ્થાનિક લોકો હાથમાં પાવડા લઈ રસ્તાનું પુરાણ કર્યું હતું. લોકોએ જણાવ્યું હતું કે તાત્કાલિક ધોરણે નગરપાલિકા દ્વારા પિંકસીટી ભાગ-ચારમાં રસ્તો બનાવાય નહિતર આગામી સમયમાં સ્થાનિક લોકો દ્વારા આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

## ઈડરના ખોડમમાં મંદિર-મકાનનાં તાળાં તોડી તસ્કરોનો હાથફેરો

ઈડર તાલુકાના ખોડમમાં તસ્કરોનો તરખાટ જોવા મળ્યો. ગામના મહાકાલી માતાજીના મંદિરમાંથી ૧૦૦ ગ્રામ વજનનો ચાંદીનો મુગટ, પંચધાતુનો હાર તેમજ દિલીપસિંહ જીલુસિંહ રાઠોડના બંધ મકાનનું તાળુ તોડી કપડાં તથા વાસણ સહિત રૂા.૧૫,૦૦૦ની મત્તા મળી કુલ રૂા.૨૦,૦૦૦ની મત્તા ઉસેડી ગયા હતા અને અમદાવાદમાં નોકરી કરતા સંજયસિંહ રાઠોડનું ૨૦,૦૦૦નું બાઈક પણ ઉઠાવી જતાં ગ્રામ્ય વિસ્તારોમાં તસ્કરોના તરખાટથી પ્રજામાં ભય ફેલાયો છે.

જિલ્લામાં માનવ વસતી વધી રહી છે, પોલીસ સ્ટાફની અછતના કારણે હવે તસ્કરો અને ગુનેગારો બેફામ થઈ રહ્યા છે. વધી રહેલી તસ્કરીના કારણે પોલીસની કામગીરી ઉપર ખુલ્લેઆમ આંગળીઓ ચિંધાઈ રહી છે. ચુનંદા ડાંગની ફાળવણી પછી પણ પોલીસને ગુનાના ભેદ ઉકેલવામાં જાજી સફળતા મળતી નથી. ઈડર તાલુકાના ખોડમમાં તસ્કરોએ આતંક મચાવી અમદાવાદમાં નોકરી કરતા સંજયસિંહ રાઠોડનું ૨૦,૦૦૦ની કિંમતનું બાઈક ચોરવાની સાથે મંદિર અને અન્ય રહેણાંક મંદિરમાં હાથફેરો કરી ૪૦,૦૦૦નો મુદ્દામાલ ઉસેડી જતાં પી.એસ.આઈ., એસ.ડી.ચાવડાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## કોરોનાની ત્રીજી લહેરનો ખતરો : જિલ્લાના બજારોમાં ઉભરતી ભીડ, માસ્ક પહેરવાનું ભૂલાયું

### પોલીસ અને વહીવટી તંત્ર કાળજી નહીં રાખે તો હાહાકાર મચવાની દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના બજારોમાં ઉભરતી ભીડ અને માસ્ક પહેરવાનું ભૂલાતાં કોરોનાની ત્રીજી લહેરનો ખતરો મંડરાયો છે. જિલ્લામાં પોલીસ પણ બેકાબુ દેખાતી ભીડ અને આડેધડ વાહન પાર્ક થતાં હોવા છતાં પગ ઉપર પગ ચઢાવીને બેસી રહેતાં હવે ટ્રાફીક સમસ્યા પણ શહેરી વિસ્તારોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. કોરોનાની ત્રીજી લહેરને ડામવા માટે પોલીસ અને વહીવટી તંત્રએ કડકાઈ દાખવવાનો સમય પાકી ગયો છે અન્યથા કોરોનાની ત્રીજી લહેર હાહાકાર મચાવે તેવી પૂરેપૂરી દહેશત છે.

રાજયમાં પરંપરાગત યોજાતી રથયાત્રા દરમ્યાન પોલીસે ચૂસ્ત નિયમોનું પાલન કરાવ્યું. શહેરી વિસ્તારોમાં પ્રજાના સંયમની પ્રસંશા થઈ જ્યારે તાલુકા મથકો અને કેટલાક મોટા ગ્રામ્ય વિસ્તારોમાં જાણે કે કોરોનાની કાયમી ધોરણે વિદાય થઈ હોય તે રીતે સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું સદંતર ભૂલાઈ રહ્યું છે. ચા ની કીટલીઓ, શાકભાજીની લારી તેમજ નાસ્તા ગૃહો ઉપર ખરીદી માટે જે રીતે ભીડ એકત્ર થઈ રહી છે તે જોતાં કોરોનાની ત્રીજી લહેરને નિમંત્રણ આપવા માટે નહીં જવું પડે તેવી સ્ફોટક સ્થિતિ અત્યારથી જ પ્રવર્તિ રહી છે. સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોનાની બીજી લહેર દરમ્યાન હજારો લોકો સંક્રમિત થયા અને બિનસત્તાવાર રીતે મૃત્યુ આંક ૩૦૦ થી વધુ હતો. જેને પોતાનું સ્વજન કોરોનામાં ગુમાવ્યું તેને જ ખ્યાલ આવે કે કોરોના કેટલો ઘાતક છે. આરોગ્ય વિભાગ અને કોરોના વોરિયર્સ સ્ટાફની મહેનતના કારણે કોરોના ઉપર અંશતઃ અંકુશ આવ્યો અને સરકાર દ્વારા સમગ્ર ગુજરાત અનલૉક કરાયું તેના એકાદ પખવાડીયા સુધી સંયમ જોવા મળ્યો પરંતુ હવે તો સરકારની ગાઈડલાઈનના ધજીયા ઉડી રહ્યા છે. સવારે અને સાંજે જિલ્લાના શહેરી વિસ્તારોમાં જે રીતે ભીડ ઉમટી રહી છે તે જોતાં સરકાર અને આરોગ્ય વિભાગ ગમે તેટલા પગ પછાડે પરંતુ કોરોનાની ત્રીજી લહેર આવીને જ ઝંપશે તેવા દ્રશ્યો ઠેકઠેકાણે જોવા મળી રહ્યા છે.